# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-04-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## લોકસભા અને રાજ્યસભા અચોક્કસ મુદત સુધી મોકુફ:

લોકસભા અને રાજ્યસભાને અચોક્કસ મુદત સુધી મોકૂફ રાખવામાં આવી છે. આ સાથે 31 જાન્યુઆરીથી શરૂ થયેલા અંદાજપત્ર સત્રનું સમાપન થયું છે. અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા પરસ્પર ટેરિફ મુદ્દે વિરોધપક્ષના સભ્યોએ શોરબકોર કરતાં 12 વાગ્યા સુધી મોકૂફ રખાયેલું ગૃહ પુનઃ મળ્યું ત્યારે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ગૃહને અચોક્કસ મુદત સુધી મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી.

શ્રી બિરલાએ જણાવ્યું કે, સત્ર દરમિયાન 16 ખરડા પસાર કરવામાં આવ્યા. સત્ર દરમિયાન સરકારે અંદાજપત્રીય કવાયત પૂર્ણ કરી હતી.

બપોરે એક વાગે રાજ્યસભા પુન: મળી ત્યારબાદ સભાપતિ જગદીપ ધનખડે ગૃહને અચોક્કસ મુદત સુધી મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી.

------------------------------------------------------------------------------------------

## કલાયમેન્ટ ચેન્જ એવોર્ડ:

ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી દ્વારા 2024-25ના વર્ષ માટે જાહેર કરાયેલા ક્લાઈમેન્ટ ચેન્જ એવોર્ડ અંતર્ગત શૈક્ષણિક સંસ્થાનોની કેટેગરીમાં ભુજ ખાતેની સામાજીક સંસ્થાના પ્રકલ્પના અર્બન એન્વાયરમેન્ટ એજ્યુકેશન પ્રોજેક્ટને ત્રીજુ સ્થાન પ્રાપ્ત થયુ છે.કલાઈમેટ ચેન્જની વિશ્વ પર થઈ રહેલી અસરોને ઓછી કરવા અને આ વિષયે થતી પ્રવૃતિઓની સરહાના કરી પ્રોત્સાહન પુરૂ પાડવા આ એવોર્ડ એનાયત કરાયો છે. ગાંધીનગર ખાતે રાષ્ટ્ર અને રાજ્યના પર્યાવરણમંત્રીઓના હસ્તે આ એવોર્ડ એનાયત કરાયો.

---

## ખાવડા ખાતે નવીનીકરણીય ઉર્જા પ્રોજેક્ટનું  કામ શરૂ :

કચ્છના ખાવડા ખાતે વિકસતા વિશ્વના સૌથી મોટા 692.6 મેગાવોટના  નવીનીકરણીય ઉર્જાપ્રોજેક્ટસનું  કામ શરૂ થયુ છે. જે અંતર્ગત નવા કાર્યરત પ્રોજેક્ટમાં  ગત રવિવારથી  વીજ ઉત્પાદન શરૂ થયુ છે. જેમાં  સૌર અને  પવન ઉર્જા પ્લાન્ટસની નવીનીકરણીય પ્લાન્ટસ થકી વીજળી ઉત્પાદન  કરાશે. આ નવા પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત થયેલ 480 મેગાવોટનો સૌર અને પવન ઉર્જા પ્લાન્ટ દ્વારા કુલ નવીનીકરણીય ઉર્જા ઉત્પાદન ક્ષમતા 14,217 મેગાવોટ સુધી પહોંચી છે. અત્રે જણાવીએ કે અદાણીગ્રીન જિલ્લાના  ખાવડામાં 30,000 મેગાવોટનો વિશ્વનો સૌથી મોટો નવીનીકરણીય ઉર્જા પ્લાન્ટ વિકસાવી રહી છે.

---

## પ્રવેશ પ્રક્રિયા માર્ગદર્શન સેમિનાર:

ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછી ડિગ્રી એન્જીનિયરીંગ, ડિગ્રી /ડિપ્લોમા ફાર્મસી, બેચલર ઓફ આર્કિટેક્ચર  અને હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટ અભ્યાસક્રમો માટે વર્ષ ૨૦૨૫-૨૬ ની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટે  રાજ્ય ના પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ માટે સરકાર દ્વારા માર્ગદર્શન  સેમિનારનું આયોજન કચ્છ જીલ્લામાં આ સેમિનાર ACPC અમદાવાદ અને સરકારી એન્જીનીયરીંગ કોલેજ ભુજ દ્વારા આવતીકાલ બપોરે તોલાણી ફાઉન્ડેશન ગાંધીધામ પોલિટેકનીક, આદિપુર અને છઠ્ઠીએ બપોરે  સરકારી એન્જીનીયરીંગ કોલેજ ભુજ ખાતે યોજાશે. આથી દરેક વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ આ સેમિનાર નો લાભ લેવાં જણાવાયુ  છે.

---

## હીટવેવ દરમ્યાન લુથી બચવાના ઉપાય:

કચ્છ સહીત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આગામી દિવસો દરમિયાન તાપમાન વધુ રહેવાની શક્યતાને અનુલક્ષીને નાગરિકોને પોતાના આરોગ્ય જાળવવા તથા પોતાની આસપાસ વસતા પશુપક્ષીઓને લૂથી બચાવવા વિવિધ ઉપાયો અપનાવવા અપીલ કરાઈ છે.

તરસ ન લાગી હોય તો પણ પૂરતા પ્રમાણમાં પાણી પીવા, શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ દ્રાવણ અથવા ઘરે બનાવેલા પીણા જેવા કે છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ, નારિયેળ પાણી વગેરેનો ઉપયોગ કરવા જણાવાયું છે. વજનમાં તેમજ રંગમાં હળવા પ્રકારના સૂતરાઉ વસ્ત્રો પહેરવા અને ઘરની બહાર હોવ તો માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખવા સૂચન કરાયું છે. બાળકો, વૃદ્ધો, બીમાર વ્યક્તિ અને વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ “લૂ”ના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે, તેમની વિશેષ કાળજી લેવા પણ જણાવાયું છે.

આ ઉપરાંત, ઊભા પાકને હળવું તેમજ વારંવાર સિંચન કરવા અને વહેલી સવારે અથવા સાંજે પિયત આપવા સલાહ આપવામાં આવી છે.પશુઓને છાયંડામાં રાખવા અને તેમને શુદ્ધ ઠંડુ પાણી પુષ્કળ પ્રમાણમાં તેમજ બહુ જ ગરમી હોય તેવા સંજોગોમાં પાણીનો છંટકાવ કરવા સૂચન કરવામાં આવ્યું છે.

---

## મનોજકુમારનું નિધન:

પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અને નિર્દેશક મનોજ કુમારનું આજે સવારે 87 વર્ષની વયે મુંબઈમાં અવસાન થયું છે. પોતાની દેશભક્તિની ફિલ્મો માટે તેઓ ‘ભારત કુમાર’ના નામથી પ્રખ્યાત હતા. દાયકાઓ સુધી ભારતીય સિનેમામાં નોંધપાત્ર યોગદાન બદલ તેમને પ્રતિષ્ઠિત પદ્મશ્રી અને દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

---

# ચૈત્રી નવરાત્રિ પર્વ ચરમસીમાએ:

કચ્છના પ્રખ્યાત યાત્રાધામ માતાના મઢ ખાતે આજે રાત્રે હવન વિધિ સાથે ચૈત્રી નવરાત્રી પર્વ ચરમ  સીમાએ પહોંચશે. આજે રાત્રે જાગીર અધ્યક્ષ રાજા બાવા યોગેન્દ્રસિંહજીનાં હસ્તે હવનમાં  શ્રીફળ હોમવાની વિધિ થશે. તો ભુજનાં આશાપુરા મંદિર ખાતે પણ આજે રાત્રે હવન વિધિ યોજાશે. પૂજન અર્ચન, બેઠા ગરબા સહિત વિવિધ કાર્યક્રમો સાથે જિલ્લામાં ઠેર ઠેર ચૈત્રી નવરાત્રિ પર્વ શ્રધ્ધા પૂર્વક ઉજવાઈ રહ્યું છે.

---------------------------------------------------------------------------------------